Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.j.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

# વિષયવૈવિધ્યની સુંદર ઝાંખી કરાવતો એકાંકીસંગ્રહ

**પ્રા. કેતન વિનુભાઈ કાનપરિયા**
સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ,
લીલીયા

ગુજરાતી સાહિત્યના ઇતિહાસ તરફ દૃષ્ટિ કરીએ તો આપણે ત્યા કાવ્યસર્જક હોય અને નાટ્યસર્જક હોય એવા સાહિત્યકારો તો ઘણા મળે છે, પરંતુ કાવ્ય અને નાટક એમ બન્ને ક્ષેત્રમાં નક્કર પ્રદાન કરીને એક સફળ સર્જક તરીકેની નામના મેળવનારા સાહિત્યકારો આપણે ત્યાં ખુબ ઓછા છે. કૃષ્ણલાલ શ્રીધરાણીએ ગુજરાતી સાહિત્યમા કવિતા અને નાટક એમ બન્ને પ્રવાહોમાં નોંધપાત્ર પ્રદાન કર્યુ છે. તેમની પાસેથી 'કોડિયા', 'પુનરપિ','હાથરસનો હાથી' શીર્ષકથી કાવ્યગ્રંથો મળ્યા છે અને 'વડલો','પીળાં પલાશ', 'મોરના ઇંડાં', 'પદ્મિની', 'પિયો ગોરી' વગેરે શીર્ષકથી નાટ્યગ્રંથો મળ્યા છે. આદર્શ પ્રકાશન દ્વારા 'શિષ્ટ-પ્રશિષ્ટ-સાહિત્ય શ્રેણી' અંતર્ગત કૃષ્ણલાલ શ્રીધરાણીના પસંદ કરેલા દસ એકાંકીઓનો સંગ્રહ 'પિયો ગોરી અને બીજા એકાંકીઓ' પ્રગટ થયો છે. અહી 'પિયો ગોરી અને બીજા એકાંકીઓ'માંથી પ્રગટતા સુંદર વિષયવૈવિધ્યની વાત કરવાનો આશય છે.

કૃષ્ણલાલ શ્રીધરાણીના 'પિયો ગોરી અને બીજા એકાંકીઓ' સંગ્રહમાં પ્રથમ એકાંકી 'કેતકી' છે. પ્રણયત્રિકોણને વિષય તરીકે આલેખતા આ એકાંકીમાં કંકણ અને ગુંજન બન્ને નાયિકા કેતકીને ઝંખે છે. અહી કેતકી સૌન્દર્યનું પ્રતીક છે. કેતકીનું સૌન્દર્ય માત્ર કંકણ કે ગુંજન માટે જ નથી. પરંતુ માનવઆત્મા માટે છે એવો ધ્વનિ આ એકાંકીમાં સંભળાય છે. અહિ ગુંજન અને કંકણ બન્ને કેતકીને પામવાના પ્રયત્નો કરે છે. આ એકાંકીના અંતે કેતકી માટે કેતકી નામના ફૂલ તોડવા ગુંજન કેવડાના ઝાડ ઉપર ચડે છે અને ત્યાં તેને નાગ ડસે છે. પરિણામે ગુંજન ઝાડ પરથી નીચે પડીને મૃત્યુ પામે છે. આ દ્રશ્ય જોઇને કંકણ પણ ગભરાઇ જાય છે અને કેતકીને પામવાનું માંડી વાળે છે અને ત્યાંથી દૂર ચાલ્યો જાય છે. પરિણામે કેતકી છેલ્લે એકલી જ રહી જાય છે. આ એકાંકીમાં વિષય તરીકે પ્રણયત્રિકોણ સાથે સૌન્દર્યનું તત્વજ્ઞાન ભાવકને તદન એક નવો જ અનુભવ કરાવે છે.

આ સંગ્રહનું બીજુ એકાંકી 'ડુંગળીનો દડો' એની પ્રતીકાત્મક રજુઆતને કારણે ધ્યાનાકર્ષક છે. આ એકાંકીના પ્રારંભે એક કુમાર અને કુમારી દરિયકિનારે રેતીમાંથી કુબા બનાવે છે અને ભાંગે છે. બન્નેના તમામ પ્રકારના વ્યવહારોમાં આદિમવૃત્તિની પણ પ્રતીતિ થાય છે. આ બન્ને પાત્રોના નામ(અરૂણ અને ઉષા) પણ આ પ્રતીતિને બળવત્તર બનાવે છે. તેઓ દરિયાના મોજા ઉપર વહેતા આવતા એક ડુંગળીના દડાને પકડી લે છે. ત્યાર બાદ એ ડુંગળીના એક પછી એક પડને ઉખેડતા તેમાથી ક્રમશ: પંચમહાભુતનો તેમને પરિચય થાય છે અને આ પંચમહાભુતોના આધારરૂપ માયાનો તથા બ્રહ્માનુભવ પણ થાય છે. અંતે એક બીજો ડુંગળીનો દડો આવે છે. એ ડુંગળીના કહેવાથી અરૂણ અને ઉષા તેને ખાય જાય છે. આ એકાંકી ચિંતનથી સભર છે. માનવજીવનનું રહસ્ય શોધતા-શોધતા પંચમહાભુતો અને માયા સુધી પહોંચીને છેવટે બધું અજ્ઞાત? એના કરતા જીવનને મન ભરીને માણી લેવું એવું સ્વસ્થ ચિંતન આ એકાંકીનો વિષય છે.

આ સંગ્રહના ત્રીજા એકાંકી 'ડૂસકુ'માં વિષય તરીકે પ્રણયત્રિકોણનું આલેખન થયું છે. આ એકાંકીમા કવિ ગન્ધરાજથી આકર્ષાઇને મધુરી એને પ્રેમ કરવા લાગે છે અને તેને આમંત્રણ આપી પોતાના ઘેર લાવે છે. મધુરીની નાની બહેન અમિતા પણ હવે ગન્ધરાજથી મોહીત થઇને તેને પ્રેમ કરવા લાગે છે. ગન્ધરાજને મધુરીની પ્રગલ્ભતા અને સજ્જનતા ગમે છે તો બીજી તરફ અમિતાનો નવજાત પ્રથમ પ્રણય પણ આકર્ષે છે. ગન્ધરાજ મધુરીને નિરાશ કરવા ઇચ્છતો ન હોવાથી ત્રણે સાથે રહેવાનું નક્કી કરે છે. પરંતુ અમિતાને આ વાત ગમતી નથી. આથી મધુરી જાતે જ ત્યાગ-ભાવનાનું ઉદાહરણ પૂરું પાડતા આ પ્રણયત્રિકોણ -માંથી નીકળી જવા ઇચ્છે છે અને ગન્ધરાજ તથા અમિતાને એક જોવા પોતાનું મન મનાવી લે છે. પરંતુ અંતે ગન્ધરાજ તથા અમિતાને આલિંગન કરતા જોઇને તેનથી ડૂસકું ભરાઇ જાય છે. આથી ગન્ધરાજ ત્યાંથી અચાનક જ મુંબઈની ગાડીમાં જતો રહે છે. આમ પ્રણયત્રિકોણના વિષયવસ્તુવાળા આ એકાંકીનો અંત કરૂણ બની રહે છે.

આ સંગ્રહનુ ચોથું એકાંકી 'બહારનો અવાજ' અસ્પૃશ્યતાના વિષય પર આધારીત છે. આ એકાંકીમાં એક મંદિરની પછીતે રહેલા કચરાના ઢગલામાંથી સાંઠીકા વીણવા આવેલા ત્રણ બાળકો(દીવડી, ગુગળ અને કેસુડો)ને ભગવાનની એક ખંડીત મૂર્તિ મળે છે. આ બાળકો એમની પૂજા કરીને ત્યાં ભગવાનનું સ્થાપન કરે છે. પરંતુ મંદિરની પછીતે કચરો ફેંકવા આવતા મજુરો આ બાળકોને જોઇને ગુસ્સે થાય છે અને તેમને ભગાડી મુકે છે. સાંજનો સમય થતા ફરી પેલા ત્રણ બાળકો ત્યાં આવે છે અને ખંડિત મૂર્તિની આરતી કરે છે. બીજા દિવસે મંદિરમાં આવનારા મહાપ્રભુ મંદિરના મુખિયાજીના હીન વિચારોના લીધે આવતા નથી અને પેલા ત્રણ બાળકોનો પક્ષ લે છે. અંતમા મુખિયાજીના મંદિરમા આવવાને બદલે મહાપ્રભુ બાળકો સાથે ચાલી નીકળે છે. આમ આ એકાંકી અસ્પૃશ્યતા નિવારણના સંદેશ સાથે સામાજિક સુધારાના વિષયને પણ આલેખે છે.

આ સંગ્રહનું પાંચમું એકાંકી 'વૃષલ' પણ અસ્પૃશ્યતાનો વિષય લઇને આવે છે. આ એકાંકીમા એક ચાંડાલ બાળક 'વૃષલ' અને 'ભગવાન બુધ્ધ'ની વાત છે. સત્યની શોધ માટે ભટકતા સિધ્ધાર્થ ભુખ-તરસને લીધે મૂર્છિત થઇને પડી જાય છે. ત્યાં બકરી ચરાવતો-ચરાવતો વૃષલ ત્યાં આવી ચઢે છે. પેલા સિધ્ધાર્થને જાગ્રત કરવા માટે વૃષલ પોતાના વાસણમાં બકરીનું દૂધ લઇને સિધ્ધાર્થને પીવડાવવાનું નક્કી કરે છે. પોતાનાથી પેલા મૂર્છિત સાધુ અભડાઇ જશે એમ વિચારીને તે દૂધ પાતો નથી અને બકરીને કહે છે કે 'જીવતા માણસને આપણી આંખની સામે મરવા કેમ દેવાય?' એ જ વખતે બકરી પોતાના બે પગ પહોળા કરીને ઊભી રહે છે અને વૃષલ બકરીના દૂધની સીધી ધાર સિધ્ધાર્થના મોંમાં કરે છે અને સિધ્ધાર્થમાં ચેતન

આવે છે. તેઓ જાગ્રત અવસ્થાને પામીને પેલા બાળકની શૂદ્ર હોવાની લઘુતાગ્રંથી દૂર કરે છે. આમ પ્રસ્તુત એકાંકી સમાજ સુધારણાની પણ હિમાયત કરે છે.

આ સંગ્રહનું છઠ્ઠું એકાંકી 'પ્રાંગણ અને પછીત' માત્ર અસ્પૃશ્યતાને જ નહીં પરંતુ વાસના અને વેરને પણ વિષય તરીકે નિરૂપે છે. આ એકાંકીના પ્રારંભે રાધા અને કાનો નિર્દોષ પ્રેમાચાર કરતા હોય છે ત્યારે સ્વામીજી પોતાના ઘરની બહાર નીકળીને આ બધું જુએ છે. પોતાની આંખો દાબીને ઊભેલો કાનો હવે પોતાને નહિ જ છોડે એમ માનીને રાધા કાનાને ધક્કો મારે છે. એ જ વખતે પાછળથી પસાર થઇ રહેલા સ્વામીજી ઉપર કાનો અફળાઇને પડે છે ત્યારે પોતાને અભડાવ્યો એમ કહીને સ્વામીજી કાનાને પાટુ મારે છે તેમજ મંદીરના ભૈયાઓને કાનાને મારવાની સુચના આપે છે અને કાનાનું મૃત્યુ થાય છે. જેની સાથે પોતાને શારીરિક સંબંધ છે એ ગુલાબડીનો જ કાનો પુત્ર છે એની સ્વામીજીને ખબર નથી. આથી એકાદ મહીના પછી ગુલાબડી અને સ્વામીજી મળે છે ત્યારે ગુલાબડી સ્વામીજીને બહાર ખેંચીને રસ્તા પર લાવે છે અને સ્વામીજીની આબરૂને ધૂળમાં મેળવી દે છે. આમ આ એકાંકી અસ્પૃશ્યતાનો ઉલ્લેખ કરીને વાસના અને વેરની વસુલાતને વિષય તરીકે નિરૂપે છે.

આ સંગ્રહનું સાતમું એકાંકી 'નાક' સામાજિક વાસ્તવને વિષય તરીકે નિરૂપે છે. આ એકાંકીમાં ક્ષયગ્રસ્ત અનંત થોડા દિવસનો મહેમાન છે ત્યારે તેના પિતા વકીલ દિનકરરાય નાના પુત્ર શાંતિને પરણાવવાનું નક્કી કરે છે. કારણ કે નાના પુત્ર શાંતિના લગ્ન મોડા કરવાથી તેની સગાઇ તૂટી જશે તો પોતાની આબરૂ જવાની દિનકરરાયને બીક છે. શાંતિના લગ્ન માટે તેની મા ગંગાબાઇ પણ રાજી છે પરંતુ અનંતની પત્ની ચંપાને શાંતિના લગ્નનું દુ:ખ છે. આથી શાંતિના લગ્ન વખતે જ ચંપા આત્મવિલોપન કરીને સસરાનું નાક કાપી લે છે. આમ આ એકાંકી સામાજિક વાસ્તવિક્તાને આલેખતું એક કરુણાંત નાટક બની રહે છે.

આ સંગ્રહના આઠમા એકાંકી 'ઝબક જ્યોત'માં રાષ્ટ્રભાવના વિષય તરીકે આલેખન પામી છે. અંગ્રેજ સરકારના વફાદાર સર અમલ દેરાસરીનો આઠ વર્ષનો દીકરો દીપક સ્વાતંત્ર્યસંગ્રામના સમય દરમિયાન પોતાના ઘર ઉપર રાષ્ટ્રધ્વજ ચડાવવા જતા પડે છે અને તેને ગંભીર ઇજા થાય છે. દીપક પથારીવશ થઇને પણ દેશપ્રેમ અને સ્વાતંત્ર્ય સંગ્રામની જ વાતો કર્યા કરે છે અને અંતે મૃત્યુ પામે છે. દીપકનું મૃત્યુ થતા સર અમલ દેરાસરીનુ હૃદયપરિવર્તન થાય છે અને તેઓ અંગ્રેજ સરકારના અધિકારી હોવા છતાં પણ સ્વાતંત્ર્ય સંગ્રામની લડતમાં સ્વેચ્છાએ જોડાય જાય છે. આમ આ એકાંકી રાષ્ટ્રભાવનાને સુપેરે પ્રગટ કરે છે.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.j.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

આ સંગ્રહનું નવમું એકાંકી ‘વીજળી’ પ્રણયભાવને પ્રગટ કરે છે. અહી કવિ મેઘલો અને વીજળી વચ્ચે પ્રેમ છે. પરંતુ વીજળીને મેઘલાના શૌર્ય વિશે શંકા છે. બન્ને બેટ પરથી નીકળી પડે છે અને મધદરિયે તોફાન આવતા મેઘલાની હિંમત  ખૂટી પડે છે ત્યારે વીજળી ગુસ્સે થઇને પોતે જ મેઘલાને દરિયામાં ફેંકી દે છે. અહી વીજળી પ્રેમનું અનશુધ્ધ પ્રતીક બનીને એક નવી જ પ્રણયવિભાવના પ્રગટ કરે છે. આમ આ એકાંકી પ્રણયભાવને તદન  નવા જ પરિમાણથી વ્યક્ત કરે છે.

આ સંગ્રહના અંતિમ એકાંકી ‘પિયો ગોરી’માં પ્રણયત્રિકોણ સંદર્ભે પ્રણયભાવનું કરૂણ આલેખન જોવા મળે છે. ‘પિયો ગોરી’માં એક જ નાટક કંપનીમાં કામ કરતા સુન્દરા અને વર્ધમાન(પતિ- પત્ની) વચ્ચેના કરુણાંત પ્રેમનુ કલાત્મક નિરુપણ ધ્યાન ખેંચે છે. સુન્દરા અને નાટક કંપનીના મેનેજર વચ્ચેના પ્રેમસંબન્ધની વર્ધમાનને જાણ છે. આથી ‘વિષનો પ્યાલો’ નામના નાટકના એકસોમા પ્રયોગ વખતે ત્રીજા અંકમા અશ્વિનીસિંહનો પાઠ ભજવતો વર્ધમાન સુવર્ણચંપા બનેલી સુન્દરા(પોતાની પત્ની)ને બનાવટી ઝેર આપવાને બદલે સાચું ઝેર પાઇને મારી નાખે છે. આમ પ્રણયસંલગ્ન અસૂયા કે સુંદરાની બેવફાઇથી કંટાળીને વર્ધમાન સુંદરાને મોતને ઘાટ ઉતારે છે ત્યારે આ એકાંકી પ્રેમનું એક કરૂણાંત નાટક બની રહે છે.

આ રીતે સમગ્રત: ‘પિયો ગોરી અને બીજાં એકાંકીઓ’ના કુલ દસ એકાંકીઓમાંથી પસાર થતા એમ લાગે છે કે આ એકાંકી સંગ્રહમાં ‘પ્રણયભાવ’, ‘પ્રણયત્રિકોણ’, ‘ચિંતન’, ‘અસ્પૃશ્યતા’, ‘રાષ્ટ્રભાવના’, ‘સમાજસુધારણા’, ’સામાજીક વાસ્તવ’ વગેરે વિષયોને એકાંકીકારે સ્વાયત અને સ્વતંત્ર દૃષ્ટિકોણથી કલાત્મક રીતે રજુ કર્યા છે. આ સંગ્રહના દરેક એકાંકીઓમાં વિષયની સંકલના સંદર્ભે એકાંકીકાર કૃષ્ણલાલ શ્રીધરાણીની સવિશેષ સિધ્ધિ નજરે ચડે છે. ‘પિયો ગોરી અને બીજાં એકાંકીઓ’ એટલે ‘વિષયવૈવિધ્યની સુંદર ઝાંખી  કરાવતો એક અનુપમ એકાંકીસંગ્રહ’ એમ કહેવામાં સહેજ પણ સંશય નથી.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.j.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

સંદર્ભસૂચિ :

(૧) 'પિયો ગોરી અને બીજા એકાંકીઓ', કૃષ્ણલાલ શ્રીધરાણી.

(૨) 'નાટ્યપ્રકાશ', રણછોડભાઈ દવે.

(૩) 'નાટ્યકળા', ધીરુભાઈ ઠાકર.

(૪) 'નાટ્યરસ', રામપ્રસાદ બક્ષી.

(૫) 'નાટ્યાયન', મફતલાલ ભાવસાર.

(૬) 'નાટ્યસ્વરૂપ', હસમુખભાઈ રાવળ.

(૭) 'નાટ્યલોક', જશવંત શેખડીવાળા.